ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ
પર્યાવરણ ભવન, સેકટર-૧૦ અ,
ગાંધીનગર

**જુનીયર અધિકારી, વર્ગ-૨, જાહેરાત ક્રમાંક :- ૩/૨૦૧૭-૧૮ માટે અરજી ચકાસણીને પાત્ર ઉમેદવારોની કામચલાઉ યાદી :-**

ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ ધ્વારા જુનીયર અધિકારી, વર્ગ-૨ની ભરતી માટે પ્રસિધ્ધ કરવામાં આવેલ જાહેરાત ક્રમાંક:- ૩/૨૦૧૭-૧૮ ના સંદર્ભમાં તારીખ :- ૧૩/૦૭/૨૦૧૯ ના રોજ સ્પર્ધાત્મક પરીક્ષા લેવામાં આવેલ હતી. આ સ્પર્ધાત્મક પરીક્ષાના પરિણામને આધારે નીચે દર્શાવેલ બેઠક નંબરો ધરાવતા ઉમેદવારોને અરજી ચકાસણીને પાત્ર જાહેર કરવામાં આવે છે. આ યાદી પસંદગી યાદી નથી, આ યાદીમાં સમાવેશ થવાથી પસંદગી થવા માટે ઉમેદવારનો કોઈ હક્ક પ્રસ્થાપિત થતો નથી.

**બેઠક નંબરો :-**

| | | | |
|---|---|---|---|
| ૩૦૦૦૦૧૬ | ૩૦૦૦૦૫૫ | ૩૦૦૦૦૭૮ | ૩૦૦૦૦૮૭ |
| ૩૦૦૦૧૨૯ | ૩૦૦૦૧૩૯ | ૩૦૦૦૧૪૯ | ૩૦૦૦૧૫૧ |
| ૩૦૦૦૧૭૭ | ૩૦૦૦૨૫૧ | ૩૦૦૦૨૬૨ | ૩૦૦૦૨૬૩ |
| ૩૦૦૦૨૬૬ | ૩૦૦૦૨૯૨ | કુલ ઉમેદવારો : ૧૪ (ચૌદ) | |

૨. ઉપર દર્શાવેલ બેઠક નંબરો ધરાવતા ઉમેદવારોની અરજીની ચકાસણી જાહેરાતની જોગવાઈઓ મુજબ કરવામાં આવશે અને આ ચકાસણી પુરી થયા બાદ જે ઉમેદવારો બધી જ જરૂરિયાતો સંતોષતા હશે, તેઓ પૈકીમાંથી જે તે કેટેગરીની જાહેરાતમાં દર્શાવેલ ભરતી હેઠળની જગ્યાઓ માટેની પસંદગી પ્રકિયાના મુદ્દા નં. (૮) મુજબના ઉમેદવારોની મેરીટ યાદીના ક્રમ અનુસાર રૂબરૂ મુલાકાત માટેની યાદી જાહેર કરવામાં આવશે. આ રીતે મેરીટ યાદી મુજબના જે તે કેટેગરીની સંખ્યાની મર્યાદામાં પ્રાપ્ત થયેલ ઉમેદવારને ગણતરીમાં લીધા બાદ તે પછીના ઉમેદવારોને તેઓ બધી જરૂરીયાતો સંતોષતા હશે તો પણ રૂબરૂ મુલાકાત માટે પાત્ર ગણવામાં નહી આવે જેની દરેક ઉમેદવારોને નોંધ લેવી. વધુમાં આ યાદીમાં જે તે કેટેગરીના છેલ્લા ઉમેદવારના ગુણ જેટલા જ સરખા ગુણ ત્યાર પછીના જે કોઈ ઉમેદવારના હશે તેમને વિચારણામાં લેવામાં આવશે.

૩. અરજી ચકાસણીની ઉપરની કાર્યવાહી બાદ રૂબરૂ મુલાકાત માટે પસંદગી પામેલ ઉમેદવારોની આખરી યાદી બોર્ડની વેબ સાઈટ પર મુકવામાં આવશે.

૪. અરજી ચકાસણીને પાત્ર જાહેર કરાયેલ ઉમેદવારોએ આ જાહેરાતના સબંધમાં ઓનલાઈન કન્ફર્મ થયેલ અરજીપત્રક (અરજીપત્રકમાં ફોટાની બાજુમાં પાસપોર્ટનો ફોટો લગાડીને) અને સહી સ્પષ્ટ ન હોય તો ફરીથી અરજીપત્રકમાં સહી કરીને નીચેના દસ્તાવેજો, પ્રમાણપત્રોની સ્વયં પ્રમાણિત નકલ નીચેના ક્રમમાં ગોઠવીને **<u>તા.૧૯/૧૦/૨૦૧૯</u>** સુધીમાં બોર્ડની વડી કચેરીને ઉપર દર્શાવેલ સરનામે મળી જાય તે રીતે મોકલી આપવા જણાવવામાં આવે છે.

૪.૧ જન્મ તારીખના પુરાવા માટે એસ.એસ.સી. ક્રેડીટ પ્રમાણપત્રની નકલ (જન્મ તારીખના પુરાવા માટે શાળા છોડ્યાનું પ્રમાણપત્ર માન્ય ગણાશે નહી)

૪.૨ નામ/અટકમાં ફેરફાર કરેલ હોય તો સરકારી ગેઝેટની નકલ/ પરિણીત મહિલા ઉમેદવાર માટે લગ્ન પ્રમાણપત્રની નકલ.

૪.૩ વિધવા મહિલા ઉમેદવારોના કિસ્સામાં પુનઃલગ્ન ન કર્યા અંગેના સોગંદનામાની નકલ.

૪.૪ સ્નાતક (બધા જ વર્ષના/ સેમેસ્ટરના ગુણપત્રક અને પદવી પ્રમાણપત્ર) જો જાહેરાતની જોગવાઈ મુજબ જરૂરી હોય તો.

૪.૫ જાહેરાતમાં દર્શાવેલ લાયકાતની સમકક્ષ લાયકાત ઉમેદવાર ધરાવે છે. તેવો તેમને હક્ક દાવો હોય તો આવા ઉમેદવારે સમકક્ષતા પ્રસ્થાપિત કરતા આદેશો/ અધિકૃતતાની વિગતો/ પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે.

૪.૬ ઉમેદવારોએ ભરેલ ફીની ઝેરોક્ષ નકલ.

૪.૭ જાહેરાતની જોગવાઈ અનુસંધાનમાં લાગુ પડતા અન્ય આધાર પુરાવા/પ્રમાણપત્રો.

૫. સંસ્થાના લેટર પેડ પર જાહેરાતની જોગવાઈઓના મુદ્દા નં. ૯ મુજબ અનુભવનું સ્પષ્ટ પ્રમાણપત્ર જેમાં અનુભવની તારીખ સહિતનો સમયગાળો, મુળ પગાર, કુલ પગાર અને અનુભવનો પ્રકાર દર્શાવેલ હોવો જોઈએ.

૬. ઉમેદવારોને ખાસ જણાવવામાં આવે છે કે ઉમેદવારોના અરજીપત્રક અને અસલ પ્રમાણપત્રની ચકાસણી દરમ્યાન જો કોઈપણ ઉમેદવાર આ જગ્યાના ભરતી નિયમો તથા જાહેરાતની જોગવાઈ મુજબ નિમણૂંક માટે લાયકાત ધરાવતા જ નથી તેમ માલૂમ પડશે તો તેમની ઉમેદવારી કોઈપણ તબક્કે મૂળભૂત પણે રદ કરવામાં આવશે.

૭. ઉમેદવારની પસંદગી જાહેરાતની જોગવાઈ અને મેરીટ યાદી અનુસાર કરવામાં આવશે. આથી કોઈપણ ઉમેદવાર પસંદ થવા માટે કોઈપણ પ્રકારના પ્રલોભનમાં આવવુ નહી. જો

બોર્ડના નામે કોઈપણ વ્યક્તિ આ પ્રકારની કામગીરી માટે ઉમેદવારનો કોઈપણ પ્રકારે સીધે કે આડકતરો સંપર્ક કરે તો ઉમેદવારે કોઈપણ પ્રલોભનમાં આવવું નહી. જો તેમ બને તો આ બાબતની તરત જ ખાનગી રાહે સીધે-સીધુ સભ્ય સચિવશ્રીના ધ્યાને રૂબરૂ લાવવા પણ આથી જણાવવામાં આવે છે.

સભ્ય સચિવ
ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ
ગાંધીનગર

તા. ૦૩/૧૦/૨૦૧૯
સ્થળ :- ગાંધીનગર